**ફોજદારી કેસ નં.૫૩૨૩/૨૦૧૮**

**<u>- : આંક-૧ નીચે હુકમ :-</u>**

આજરોજ નામદાર નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીઝના ઉપક્રમે નેશનલ લોક અદાલત યોજવામાં આવેલ છે અને નામદાર ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળના તથા નામદાર જીલ્લા અદાલતના આદેશ મુજબ આજરોજ સ્પેશ્યલ સીટીંગ રાખેલ છે.

સદર કેસનુ રેકર્ડ જોવામાં આવે તો, આરોપી સામે આક્ષેપિત ગુનાની સજાની જોગવાઈ ધ્યાને લેતા, કેસ સમન્સ/સમરી ટ્રાયબલ છે. કેસનું રોજકામ જોવામાં આવે તો, આરોપી સામે સમયાંતરે અને વારંવાર કોર્ટ પ્રોસેસ કાઢવામાં આવેલ છે પરંતુ આરોપીની સામે કાઢવામાં આવેલ પ્રોસેસ પોલીસ તરફથી બજે કે વગર બજે પરત ફરેલ છે આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ નથી કે ફરીયાદપક્ષ આરોપીને હાજર રખાવવામાં સફળ થયેલ નથી. આમ, સદર કેસ ઘણાં લાંબા સમયથી આરોપીની ગેરહાજરીના કારણે પેન્ડીંગ છે. જેથી ન્યાયયિક કાર્યવાહી આગળ ચાલી શકતી નથી. આથી આરોપીને અદાલત સમક્ષ હાજર કરવા બાબતે પોલીસ તંત્રને હવે વધુ તકો આપવી ઉચિત જણાતુ નથી.

**<u>પી.રામચંન્દ્ર વિ.કર્ણાટક રાજય-૨૦૦૨(૨) જી.એલ.આર. પાના નં.૧૫૪૯</u>** પર પ્રસિધ્ધ થયેલ નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં ઠરાવેલ છે કે, ''The Criminal Courts should exercise their available powers such as those under Sections 309, 311, 258 of the Code of Criminal Procedure, 1973 to effectuate the right to speedy trial." આ ઉપરાંત નામદાર ગુજારાત હાઈકોર્ટના પત્ર નં. ૨૯૧૭/૨૦૦૬ તા.૧૭/૧૦/૨૦૦૬ માં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા નીચલી અદાલતો ને એવી સુચના આપવામાં આવેલ છે કે, આરોપીઓને અદાલત સમક્ષ હાજર રખાવવા બાબતે અદાલતો પોલીસ તંત્રને મર્યાદિત તકો આપી યોગ્ય કિસ્સાઓમાં ક્રિ.પ્રો.કો.ની કલમ-૨૫૮ અન્વયે મળેલ સત્તાઓનો ઉપયોગ કરે.

આથી, કેસની હકીકતો, કેસની ન્યાયિક કાર્યવાહીનો પ્રકાર તેમજ આરોપીની હાજરી મળી આવતી ન હોય, તેમજ પોલીસ તંત્ર આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવવામાં નિષ્ફળ નિવડેલ હોય, અને હવે વધુ સમય પોલીસ તંત્રને આપવો ઉચિત જણાતો ન હોઈ, નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદામાં આપેલ ગાઈડલાઈનને ધ્યાને લેતાં, અત્રેની અદાલતને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ-૨૫૮ ની જોગવાઈ અન્વયે કેસની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવે છે. આથી, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>- : હુ ક મ : -</u>**

(૧) ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ-૨૫૮ મુજબ આરોપી સામેના કેસની આગળની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી/ઓના જાતમુચરકો તથા જામીનખત રદ કરવામાં આવે છે. જો આરોપી એ જામીનગીરી પેટે રોકડ રકમ જમા કરાવી હોય તો તે રકમ નાઝરશ્રીએ ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ-૪૪૬ અન્વયે સરકારશ્રી ખાતે જમા લેવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે કબજે લીધેલ મુદ્દામાલ અંગે જો વચગાળાનો હુકમ અગાઉ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે. અન્યથા બિનકિંમતી મુદ્દામાલ કે કિંમતી મુદ્દામાલ જો હોય તો, તેનો અપીલ સમયબાદ ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નિયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ: ૨૬ મી માહે જુન, સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા. ૨૬/૬/૨૦૨૨**
અમદાવાદ(ગ્રામ્ય)

**( એચ.જે.વસાવડા)**
બીજા જયુડી.મેજી.ફ.ક જજ,
અમદાવાદ(ગ્રામ્ય)મીરઝાપુર.